૨૪, ફેબ્રુઆરી ૨૦૨૩

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ સિવીલ હોસ્પિટલમાં "યેલો ફિવર વેકસીન"નો સ્ટોક તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ રજૂઆત...**

રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી વર્ષ ૨૦૧૭ થી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે યેલો ફિવર વેકસીનેશન સેન્ટર શરૂ કરવામાં આવેલ. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો પોતાના ધંધાર્થે તેમજ અન્ય પ્રવાસીઓને આફ્રિકાના દેશોમાં જવા માટે "યેલો ફિવર વેકસીનેશન" લેવું ફરજીયાત છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર બુધવારે આ વેકસીન આપવામાં આવે છે અને લોકોએ ટોકન લીધા હોવા છતા સ્ટોક ખલાશ થવાના કારણે બે થી ત્રણ અઠવાડીયા સુધી રાહ જોવી પડતી હોય છે પરંતુ હાલમાં છેલ્લા ઘણાં સમયથી રાજકોટ સિવિલમાં વેકસીનેશનનો સ્ટોક ઉપલબ્ધ ન હોવાથી લોકોને જામનગર સુધી જવું પડે છે. જેથી તેઓને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે અને સમય તથા આર્થીક નુકશાન પણ થઈ રહયું છે. તેથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક યેલો ફિવર વેકસીનનો પુરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા. સાથો સાથ રાજકોટ સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરના ઓર્થોપેડીક વિભાગના ICU માં સરકારે સેન્ટ્રલી એ.સી.ની સુવિધા આપેલ હોય પણ તંત્રની જાળવણીના અભાવે ઘણાં સમયથી એ.સી. બંધ હોય દર્દીઓને ઘરેથી પંખા લાવી રાખવાની પરિસ્થિતી ઉભી થવા પામેલ છે. હાલ ગરમીનું પ્રમાણ વધતુ હોવાના કારણે દર્દીઓને ખુબ જ મુશ્કેલીનો સામનો કરી રહયા છે. હોસ્પિટલના ડોકટરોની ચેમ્બરમાં સતત એ.સી. ચાલુ હોય અને દર્દીઓ આવી ખરાબ પરિસ્થિતીમાં સારવાર લેતા હોય તે ખુબ જ આશ્ચર્ય જનક જણાય રહયુ છે. તો આ અંગે તાત્કાલીક યોગ્ય પગલા લેવા રાજકોટ ચેમ્બર દ્વારા મા.આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા રાજકોટ સિવીલ હોસ્પીટલના ડીનશ્રી મુકેશભાઈ સામાણી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.